
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



આઘો રહેજે... આ વખતે મેં ચોકલેટનાં ગણપતિ બનાવ્યા છે એ તને કહીને મે ભૂલ કરી છે...!!

# શહેરમાંથી પસાર થતા પદયાત્રીકો માટે સેવા કેન્દ્રોનો પ્રારંભ

## શહેરના માર્ગો પરથી રોજના હજ્જારો ભક્તો પસાર થાય છે, જય અંબે.. જય અંબે..ના નાદથી નગરના માર્ગો ગુંજી ઉઠે છે

ગાંધીનગર, તા.૧૩

ભાદરવી પૂનમને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે માં અંબેના દર્શનાર્થે ચાલતા જતા પદયાત્રિકોની સંખ્યા દિન પ્રતિદિન વધતી જાય છે. શહેરના રાજમાર્ગો પરથી રોજના હજ્જારો ભકતો પસાર થાય છે. બોલ મારી અંબે જય જય અંબેના નાદથી માર્ગો ગુંજી ઉઠે છે. ત્યારે શ્રધ્ધાળુઓના લીધે શહેરમાં અનોખી ચેતનાનો સંચય થયો હોય તેમ લાગે છે. ત્યારે ભકતોની સેવા માટે નગરમાં ઠેરઠેર વિસામા કાર્યરત થઈ ગયા છે. શહેરના પ્રવેશદ્વારથી લઈને ઠેરઠેર ચા-પાણી, શરબત, ગરમાગરમ અને સુકા નાસ્તો, મોબાઈલ ચાર્જ, આરામ કરવા માટે પથારી, સ્નાન સહિત આરોગ્યલક્ષી સારવાર પણ ઉપલબ્ધ કરાઈ છે.

ભાદરવી પૂનમે અંબાજી ધામ ખાતે માતાજીના દર્શન કરવા રાજયભરમાંથી લાખો ભકતો એકઠા થાય છે. પગપાળા ચાલીને આવેલા ભકતો માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવે છે. ત્યારે પગપાળા ભકતો માટે ઠેરઠેર સેવાભાવી નાગરીકો દ્વારા વિસામા તૈયાર કરાયા હોય છે. ત્યારે વિસામામાં ભકતો માટે ગરમાગરમ




ચા-મીનરલ પાણી, છાશ, શરબત, મમરા, મહાપ્રસાદ, ગાંઠીયા, સેવ, ભેળ, બુંદી, ગોટા, પાપડી, લાઈવ ઢોકળા, ખમણ, બટાકા પૌંવા, કેળા, સફરજન, બિસ્કીટ, સહિત ખીચડી-કઢી, શાક-પુરી સહિતની વાનગીઓ આપવામાં આવે છે. પાટનગર મધ્યમાં આવતું હોવાથી રાજયના મોટાભાગના સંઘો પાટનગરમાંથી પસાર થાય છે. ત્યારે પાટનગરના માર્ગો પરથી રોજના લાખો ભકતો પસાર થાય છે.

જય અંબે જય અંબે ના નાદથી નગરનું વાતાવરણ ગુંજી ઉઠે છે. ત્યારે શહેરમાં પણ અનોખુ ધાર્મિક માહોલ જામે છે. ત્યારે ભકતોની સેવા માટે વિસામામાં ખડેપગે યુવાનો રાત-દિવસ તૈનાત હોય છે. ત્યારે શહેરમાં પણ નાના મોટા થઈને ૬૦ થી વધુ સેવાકેન્દ્રો ભકતોની સેવા માટે ધમધમતા હોય છે. શહેરના સેવાભાવી નાગરીકો દ્વારા સેવાકેન્દ્રનો પ્રારંભ થઈ ગયો છે. શહેરના માર્ગો પરથી આગામી સમયમાં રોજના લાખો પદયાત્રીકો પસાર થશે જેથી શહેરનું વાતાવરણ ભકિતમય બનશે.

## અડાલજ સ્થિત શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર પી.ટી.સી. કોલેજ ખાતે કાનૂની શિબિર યોજાઈ

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગરના ઉપક્રમે અડાલજ સ્થિત શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર પી.ટી.સી. કોલેજ ખાતે મહિલા સશક્તિકરણ અવેરનેસ એક કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં કોલેજની ૧૪૦ પી.ટી.સી. તાલીમાર્થી બહેનો, અધ્યાપકગણ તેમજ કોલેજના પ્રિન્સિપાલ શ્રીમતી સુરેખાબેન ચૌધરીના મુખ્ય મહેમાનપદે શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ઉપસ્થિત પેરાલીગલ વોલન્ટીયર જિગિષાબેન ઉપાધ્યાયે એસિડ એટેક વિષય પર વિવિધ કાયકાકીય જોગવાઈ વિશે સમજ પુરી પાડી હતી. પેરાલીગલ વોલન્ટીયર સુધીર દેસાઈએ એસિડ એટેકના ભોગ બનેલ પિડિત વ્યક્તિને મળવાપાત્ર કાયદાકીય સહાય તેમજ ગુજરાત સરકારની વિકિટમ કોમ્પેન્શેસન સ્કીમ ૨૦૧૬ અંતર્ગત મળવાપાત્ર રોકડ સહાય, મેડીકલ સારવાર સહાય વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. પી.એલ.વી. મધુસુદન જોષીએ જરૂરી માહિતી વિદ્યાર્થીઓને આપી વાકેફ કર્યા હતા.

શિબિરના અંતમાં પ્રશ્નોત્તરીમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



ગાંધીનગર ટાઉનહોલ ખાતે આદિવાસી અધિકાર દિવસની ઉજવણી અને ૪૮૪૦૦ની રીલેમાં ભારતને ગોલ્ડમેડલ અપાવનાર સરિતા ગાયકવાડનું સન્માન આજે ટાઉનહોલ ખાતે જિલ્લા પંચાયતના સદસ્ય અને પૂર્વ ચેરમેન ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિના જે. ચારેલે કર્યુ હતુ.

# કલોલ શહેરમાં વેપારીની કારમાંથી રોકડ ૫.૫૦ લાખની ઉઠાંતરી

ગાંધીનગર, તા. ૧૩

કલોલ શહેરના અંબિકા બસ સ્ટેન્ડ પાસે રહેતા વેપારી દુકાનેથી ગઈકાલે સાંજે ઘરે જઈ રહ્યા હતા ત્યારે મિલ કામદાર સોસાયટી પાસે તેમની ગાડીની પાછળ બે શખ્સોએ બાઈક અથડાવી બોલાચાલી શરૂ કરી દીધી હતી. બોલાચાલી ચાલતી હતી તે જ સમયે પાછળથી બીજા બાઈક પર ગઠીયા આવ્યા અને વેપારીની કાર માં પડેલી રૂપિયા સાડા પાંચ લાખ ભરેલી થેલી ઉઠાવી રફુચક્કર થઈ ગયા હતા. કારમાંથી સાડા પાંચ લાખ રૂપિયા ભરેલી થેલીની ઉઠાંતરી મામલે વેપારીએ કલોલ શહેર પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે અજાણ્યા ચાર શખ્સો સામે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી વિગત મુજબ કલોલમાં અંબિકા બસ સ્ટેન્ડ પાસે અર્જુન નગર સોસાયટીમાં રહેતા વેપારી રમેશભાઈ જગન્નાથભાઈ બારોટ ગઈકાલે મોડી સાંજે દુકાન બંધ કરીને પોતાની ગાડી લઈ ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે મિલ કામદાર સોસાયટીના ગેટ પાસે તેમની ગાડી ને પાછળ થી બે શખ્સોએ બાઈક થી ટક્કર મારી હતી. પાછળથી બાઈક ઠોકીને બંને શખ્સો વેપારી સાથે ગાળાગાળી કરવા લાગ્યા હતા અને માથાકૂટ શરૂ કરી દીધી હતી. રમેશભાઈની ગાડી માં સાડા પાંચ લાખ રૂપિયા ભરેલી થેલી પણ મૂકેલી હતી જે દુકાનનો વકરો હતો. બાઈક ઠોકીને હિન્દીમાં બોલાચાલી કરી રહેલા શખ્સોને વેપારી જવાબ આપી રહ્યા હતા ત્યારે વેપારીની નજર ચૂકવી બીજું બાઈક લઈને આવેલા બે ગઠિયાઓ રૂપિયા સાડા પાંચ લાખ ભરેલી થેલી ગાડીમાંથી ઉઠાવી ફરાર થઈ ગયા હતા. બાઈક ઠોકીને વેપારીને વાતોમાં ફસાવી આ ગેંગ કળા કરી ગઈ હતી. વેપારીએ આ મામલે કલોલ શહેર પોલીસને ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી ચારેય શખ્સોને શોધી કાઢવા તપાસ શરૂ કરી છે.

# માણસા અને દહેગામમાં વરલી-મટકાના અડ્ડાઓ પર એલસીબીના દરોડા

## માણસા અને દહેગામમાં એલસીબીએ દરોડો પાડ્યો અને દોલારાણા વાસણામાં ચિલોડા પોલીસે રેડ કરી

ગાંધીનગર, તા. ૧૩

જિલ્લામાં હજુ જુગાર રમતા શકુનિઓ શ્રાવણ પૂરો થયો છતાં



પત્તા મુકવાનુ નામ લેતા નથી. આજે વધુ ત્રણ જગ્યાએ પોલીસે દરોડા પાડી જુગા રમતા શકુનિઓને પકડયા છે. ગાંધીનગર એલસીબીની ટીમે માણસા ખાતે વૃંદાવન કોમ્પલેક્ષ આગળ વરલી-મટકાનો જુગાર રમતા ત્રણ શખ્સોને પકડયા છે જ્યારે આ જ ટીમે દહેગામના વણકર વાસ પાસે ખુલ્લેઆમ વરલી મટકા જુગાર રમતા એક શખ્સને પકડી પાડયો છે. તો બીજી તરફ ચિલોડા પોલીસ વાસણા ગામમાં દરોડો પાડી બે જુગારીઓને પકડી પાડયા છે જ્યારે પાંચ શખ્સો નાસી છૂટવામાં સફળ રહ્યા છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર એલસીબી પીઆઈ જે.ડી પુરોહિતની ટીમે ચોક્કસ બાતમીના આધારે માણસા વૃંદાવન કોમ્પ્લેક્સ આગળથી વરલી-મટકાનો જુગાર રમાડતા ત્રણ શખ્સોને પકડી પાડયા છે. એલસીબીની ટીમે માણસાના મહેશ ત્રિભોવનદાસ પંચાલ, અજય રમતુજી વિહોલ અને અશોક પ્રભુદાસ નાયી મળીને ત્રણ શખ્સોને વરલી-મટકાનો જુગાર રમાડતા રોકડ રૂપિયા ૭૬૫૦ તથા મોબાઈલ મળી કુલ રૂ.૧૮૬૫૫ ના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ એલસીબીની ટીમે બાતમીના આધારે દહેગામના વણકરવાસ ખાતે ખુલ્લેઆમ વરલી મટકા જુગાર રમાડી રહેલા શખ્સને પકડી પાડયો હતો. પુના ધનાભાઈ વણકર ના અડ્ડા પર દરોડો પાડી એલસીબીની ટીમે રોકડ રૂપિયા ૪૧૦૦ તથા મોબાઈલ મળી કુલ રૂપિયા ૪૬૦૦ ના મુદ્દામાલ સાથે પુના વણકર ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે ચિલોડા પી.આઈ એલ.ડી વાઘેલા ની ટીમે ચોક્કસ બાતમીના આધારે દોલારાણા વાસણા ગામ માં દરોડો પાડયો હતો અને પોલીસને જોઈને સ્થળ પર નાસભાગ મચી જવા પામી હતી. પોલીસે દોલારાણા વાસણાના ખોડીયાર માતાના મંદિર પાસે દરોડો પાડી શૈલેષ કાનાજી રાઠોડ તથા મોહન મંગાજી મકવાણાની ધરપકડ કરી દીધી હતી. જ્યારે ૫ શકુનિઓ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા જેમાં રમેશ ઉર્ફે પીન્ટુ મથુર મકવાણા, વિજય બાબુજી મકવાણા, અશોક ગનુજી મકવાણા, નવઘણ રામાજી મકવાણા અને રાજુ




કાનાજી મકવાણા પાંચ શખ્સો નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. ગઈકાલે મોડી સાંજે પાડેલા દરોડામાં ભાગી ગયેલા પાંચેય શકુનિઓ આજે બપોરે ઝડપાઈ ગયા હોવાની વિગત જાણવા મળી છે.

# આવતીકાલે સરગાસણથી જય અંબે પગપાળા યાત્રાસંઘનું પ્રસ્થાન

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર પાસેના સરગાસણ ખાતેથી સતત ૨૫માં વર્ષે ભાદરવી પૂનમના અંબાજીના મેળા માટે પગપાળા યાત્રાસંઘનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા સંઘ તા. ૧૫મી સપ્ટેમ્બરે સરગાસણથી પ્રસ્થાન કરશે અને તા. ૨૦મી સપ્ટેમ્બર અગિયારસના દિવસે અંબાજી મંદિરે ધજા ચઢાવશે. યાત્રાસંઘ વૈજનાથ મંદિર વાસણ, લાછડી પ્રાથમિક શાળા, સુંઢિયા ગામમાં ભૈરવવાડી, ટીંબા ગામે ભારતીય હિન્દુ પરિષદ, દાંતા ખાતે પ્રાથમિક શાળા તથા અંબાજી ખાતે ધ્રાંગધ્રા તાલુકા ધર્મશાળા ખાતે પદયાત્રા દરમ્યાન રાત્રિ નિવાસ કરશે.

## ગણેશ-મહાવીરની પરંપરા માણસાઈ સાચવવા જરૂરી : આચાર્ય સુનીલસાગરજી

આજે જિનશાસનના દિગંબર મુનિ પરંપરાના આચાર્ય આદિસાગરજી અંકલીકરજી મહારાજની જન્મજયંતી નિમિત્તે તેમના જ ચતુર્થ પટ્ટાધીશ આચાર્ય સુનીલસાગરજી મહારાજે સન્મતિ



સમવશરણમાં પધારેલ મેહમાન પાણી પૂરવઠા ખાતાના રાજ્યકક્ષાના મંત્રી થરાદ વિસ્તારના વિધાયક પરબતભાઈ પટેલને તેમની ધર્મવૃત્તિ અને સમાજસેવાની ભાવના બદલ ×ધર્મમના×નો વિરદ આપીને કહ્યું કે મંત્રીએ જિનશાસન અને મુનિધર્મની કઠિન સાધના વિશે જે સાચું ચિત્ર લોકો સમક્ષ રજૂ કર્યો છે તે ખૂબ જ સરાહનીય છે અને તે કદાચ કોઈ અન્ય જૈન નેતા પણ ના આપી શકે. મંત્રીએ કહ્યું કે જિનશાસન ધર્મ અહિંસા, જીવ દયા અને પરોપકારનો ધર્મ છે. મંત્રીએ કહ્યું કે જૈનધર્મના આદર્શને અનુસરનારા વાત્સલ્યમૂર્તિ આચાર્ય આદિ સાગરજી જેવા મહાન સંતો થયા છે જેની જન્મજયંતી પ્રસંગે એમની કઠોર સાધનાચર્યાને યાદ કરીને વર્ણવીને ધન્યતા અનુભવું છું તેમની શિષ્ય પરંપરાનાં ચતુર્થ પટ્ટાટાચાર્ય ચર્યાને અનુસરનારા આચાર્ય સુનીલસાગરજી એવા યુવા મુનિરાજ છે જીવદયા અને અહિંસા માટે જૈન પરંપરા મુજબ પોતાની ગુરુઓની જેમ જ નિર્ભીકતાથી અહિંસાનો બિગુલ બજાવી લોકોને જાગૃત કરી રહ્યા છે.

આચાર્ય સુનીલસાગરજીએ કહ્યું કે 'ગુરુ કા આશીષ શિષ્ય કો ઉંચા ઉઠા દેતા હૈ, લોગો કી પલકો પર તો ઠીક, સિદ્ધાલય મે બિઠા દેતા હૈ× જો ગુરુ પરંપરામાં જોઈએ તો કહી શકાય છે કે શ્રીરામ ગુરુ વશિષ્ઠની શરણે ગયા તો શ્રીકૃષ્ણ ગુરુ સંદીપનીની શરણમાં, જ્યારે વર્તમાન સમયમાં અમે સૌ આચાર્ય ગુરુવર આદિસાગરજી, મહાવીર કીર્તિજી, સન્મતિ સાગરજીની શરણે થઈ જીવનની ધન્યતા અનુભવી રહ્યા છે. સંત હૃદય નવનીત જેવા હોય છે જે સહજપણે ધર્મના સાચા માર્ગે લઈ જાય છે.

આચાર્ય સુનીલ સાગરજીએ લોકોને ગણેશ ચતુર્થીની શુભેચ્છા પાઠવતા કહ્યું કે આ પણ એક સંયોગ છે મુનિકુંજર આચાર્ય આદિસાગરજી મહારાજનો જન્મ પણ આ દિવસે છે. ગણેશજીની મૂર્તિ જીવનોપયોગી ઘણી સિખામણ આપે છે જેમ કે ઉન્નત ભાલ એટલે બુદ્ધિ વિવેકપૂર્ણ આચરણ અને પ્રજ્ઞાની ઉપસ્થિતિ, લાંબી નાક સન્માન પૂર્વક રહેવું અને બીજાને સન્માન આપવું, નાની આંખો- બીજાના દોષ ન જોવું, મોટો પેટ એટલે બીજાની ખામિઓ, રહસ્યો પચાવી લેવા, તેને ખુલ્લો ના પાડવા, એક દંત એટલે એક આત્મદૃષ્ટિ તથા ઉંદર જેવો નાનો વાહન એટલે સાધન સંરજામ ઓછો હોવા છતાં ખુશી અને સંતોષ સાથે જરૂરિયાતો સંતોષી લેવી.

## વાતવાતમાં

- ગાંધીનગર ઉત્તર બેઠકના પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલે પોતાના નિવાસસ્થાને ગણેશ સ્થાપન કર્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે તેમના સુપુત્ર તાજેતરમાં જ ડેન્ગ્યુની બિમારીમાંથી બહાર આવ્યાં છે.
- ગાંધીનગર શહેરમાં નિવૃત્ત થયેલા કર્મચારીઓને ફોન કરી એ.ટી.એમ. બંધ થયુ છે પીન નં. આપો કહી છેતરપીંડી કરતી ગેંગ સક્રિય થઈ હોવાની વાતો બહાર આવી છે.
- આજે ૧૪મી સપ્ટે.ને અખિલ ભારતીય અંધજન દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે.
- દહેગામ તાલુકાના હાલીસા અને માણસા તાલુકાના લીંબોદ્રા ખાતે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન તંત્ર દ્વારા કરાયુ છે.
- ઉત્તર ગુજરાત યુનિ.ના સેનેટ મેમ્બર તરીકે બાર કાઉન્સીલની એક્ઝી. કમિટીના ચેરમેન કરણસિંહ વાઘેલાની નિયુક્તી કરવામાં આવી છે.
- મહિલાઓ માટે સતત ત્રણ દિવસ ઉપવાસનો સંયોગ રચાયો હતો. પહેલા કેવડાત્રીજ, પછી ગણેશ ચતુર્થી અને હવે સામા પાંચમ આવી પહોંચી છે.

## પર્યુષણ મહાપર્વ શહેરના તપસ્વીઓ




મુંજાલભાઈ વિનોદચંદ્ર શાહ
સોળભથ્થું - ૧૬ ઉપવાસ
ઉંમર-૩૭



ખુશબુબેન જીગરભાઈ વોરા
સોળભથ્થું - ૧૬ ઉપવાસ



સંદીપભાઈ નવીનચંદ્ર વિરવાડિયા
૧૧ ઉપવાસ (ઉંમર - ૪૦)



સંગીતા બી. શાહ
૧૮ ઉપવાસ



અજયભાઈ સુમતીલાલ શાહ
અઠ્ઠાઈ - ૮ ઉપવાસ



જીનલબેન કુંજલભાઈ શાહ
અઠ્ઠાઈ - ૮ ઉપવાસ



સ્વપ્રિલભાઈ વિજયભાઈ શાહ
ઉઠ્ઠાઈ - ૮ ઉપવાસ



પૂર્વા જલ્પેશભાઈ શાહ
અઠ્ઠાઈ - ૮ ઉપવાસ



કોમલબેન દિપકકુમાર શાહ
અઠ્ઠાઈ - ૮ ઉપવાસ



પર્વ વિરેનભાઈ શાહ
અઠ્ઠાઈ - ૮ ઉપવાસ



ચિત્રાબેન વિરેનભાઈ શાહ
અઠ્ઠાઈ - ૮ ઉપવાસ



શ્રેયાંસ નિલેશભાઈ શાહ
અઠ્ઠાઈ - ૮ ઉપવાસ




સંગીતાબેન વસંતભાઈ શાહ
અઠ્ઠાઈ - ૮ ઉપવાસ



ફોરમ મુકેશભાઈ શાહ
અઠ્ઠાઈ - ૮ ઉપવાસ



પ્રિયંકા હાર્દિક શાહ
૧૦ ઉપવાસ



મેહ આનંદભાઈ શાહ
અઠ્ઠાઈ - ૮ ઉપવાસ



હર્ષાબેન હેતલભાઈ શાહ
ક્ષીર સમુદ્ર તપ



વિધિબેન ભરતભાઈ શાહ
ક્ષીર સમુદ્ર તપ



હેમાબેન ભરતભાઈ શાહ
ક્ષીર સમુદ્ર તપ

દિલીપભાઈ મહેતા
૬૪ પ્રહરી પૌષધ + અઠ્ઠાઈ - ૮ ઉપવાસ

પ્રભવભાઈ પ્રેરકભાઈ શાહ
અઠ્ઠાઈ - ૮ ઉપવાસ

### ૬૪ પ્રહરી પૌષધના તપસ્વી રત્નો

અજીતભાઈ કોદરલાલ શાહ
કનુભાઈ રતિલાલ ભાવસાર
ભરતભાઈ આર. શાહ
રાજુભાઈ શાહ
નવીનભાઈ એન. દલાલ
દિલીપભાઈ સી. મહેતા
કિર્તીભાઈ એલ. લાલન
મહેન્દ્રભાઈ વી. શાહ